ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૫૭ ટકા
ગાંધીનગર તાપમાન

# સે-૨૧ પાર્કીંગ વિસ્તારમાં પતંગ બજારને મંજૂરી ન આપવા માંગણી

## દિવાળીમાં પાર્કીંગ વિસ્તારો ફટાકડા બજારોથી ઉભરાયા હતા જેથી પાર્કીંગ સમસ્યાઓ ઉભી થઈ હતી : લોકલ દુકાનદારોને વેપાર કરવામાં પડતી મુશ્કેલી

ગાંધીનગર, તા.૨૫

શહેરમાં દિવાળી પર્વમાં સેકટર-૨૧ના પાર્કીંગ વિસ્તારમાં ફટાકડાના સ્ટોલવાળાઓને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં પાર્કીંગ વિસ્તારમાં ફટાકડાઓની દુકાનોની લાઈનો જોવા મળી હતી. જેથી ગ્રાહકોને પોતાના વાહનો કયાં મુકવા તે એક મોટી સમસ્યા ઉભી થઈ હતી. શહેરીજનોએ વાહનોની લાઈનો માર્ગો પર અને અસ્તવ્યસ્ત ગાડીઓ પાર્ક કરી હતી. જો આજ રીતે ઉત્તરાયણ પર્વમાં સેકટર-૨૧ના પાર્કીંગ વિસ્તારમાં પતંગોનો વેપાર કરવાની મંજૂરી આપવામાં આવશે તો ફરીથી આ જ પ્રકારની સમસ્યાઓ સર્જાશે. તેથી સેકટર-૨૧ના લોકલ દુકાનદારોએ સખત વિરોધ દર્શાવ્યો છે. સરકારે પાર્કીંગ વ્યવસ્થા જાણે કે વેપાર ધંધો કરવા માટે કરી હોય તેવું લાગી રહ્યું છે. તહેવારોના ટાણે સેકટર-૨૧માં પગ મુકવાની પણ જગ્યા નથી રહેતી તેથી પાર્કીંગની સુવિધાઓ બનાવવામાં આવી છે પણ દિવાળી પર્વમાં આ જ પાર્કીંગનો



ઉપયોગ વેપાર ધંધા માટે કરવામાં આવ્યો હતો. જેને કારણે આસપાસના શોપિંગ ધારકોએ ઉત્તરાયણ પર્વમાં આવી કોઈ મંજુરી ન આપવામાં આવે તેવી માંગણી કરી છે.

વિવિધ તહેવારોમાં વેપાર ધંધા માટે આવતા ફેરીયાઓ માટે જગ્યાઓ આ રીતે ફાળવવામાં આવશે તો અંદરના લોકલ શોપિંગ સેન્ટરોના વેપારીઓને ભારે નુકશાન વેઠવું પડશે. કારણ કે ગ્રાહકો ફૂટપાથ અને પાર્કીંગ એરીયામાંથી ખરીદી કરવાનો આગ્રહ વધારે રાખી રહ્યા છે. દિવાળી પર્વમાં સેકટર-૨૧માં પાર્કીંગ સમસ્યાઓ જોવા મળી હતી. શહેરીજનોએ દૂર દૂર ગાડીઓ પાર્ક કરવાનો વારો આવ્યો હતો. કારણ કે પાર્કીંગ વિસ્તારમાં ફટાકડાના સ્ટોલ ઉભા કરાયા હતા.

અવ્યવસ્થિત મેનેજમેન્ટના કારણે અંતે લોકલ વેપારીઓને નુકશાન પહોંચે છે. નાના નાના ફેરીયાઓ તહેવારોમાં વેપાર કરીને આર્થિક રીતે સારી કમાણી કરીને નીકળી જાય છે. જયારે વર્ષોથી સે-૨૧માં કાર્યરત દુકાનદારોને ગ્રાહકોની તંગી વર્તાય છે. લોકલ વપારીઓએ આ વર્ષે કોરોનાકાળમાં ઘણું નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો જેમને હજુ સુધી પોતાના ધંધામાં નફો થઈ રહ્યો નથી તેથી આ વર્ષે ઉત્તરાયણ પર્વમાં પાર્કીંગ વિસ્તારમાં કોઈ પણ સ્ટોલ ઉભા ન થાય તેવી માંગ કરવામાં આવી રહી છે. તંત્ર દ્વારા પતંગના સ્ટોલ માટે અલગથી વ્યવસ્થા કરવામાં આવે જેથી માર્કેટમાં ગ્રાહકોને પાર્કીંગની સમસ્યાઓનો સામનો ન કરવો પડે.

## સેકટર-૨૧ જીમખાનાનું ગૌરવ



ગાંધીનગર, તા.૨૫

પ્રથમ રાષ્ટ્રીય કક્ષાની સ્વીમેથોન-૨૦૨૧ પુના મહારાષ્ટ્ર ખાતે તરણ સ્પર્ધા યોજાઈ હતી. આ તરણ સ્પર્ધામાં સે-૨૧ જીમખાનાના સ્વીમર તૌફિક મેમણએ ૧૮ થી ૪૫ના ગ્રુપમાં ૩ કિમી તરણ સ્પર્ધા ૦૧:૦૫:૧૮ કલાકમાં અને ત્રિવિધ પટેલે અંડર-૧૪માં ૫૦૦ મીટર તરણ સ્પર્ધા ૦૦:૧૫:૪૭ કલાકમાં સફળતાપૂર્વક પૂર્ણ કરી મેડલ મેળવેલ છે અને જીમખાનાને ગૌરવ અપાવેલ છે. જે બદલ જીમખાના મેનેજર જીતુભાઈએ અભિનંદન પાઠવ્યા હતા. સેકટર-૨૧ જીમખાનાના સ્વિમિંગ પુલના હેડ કોચ કે.જી. ભગત અને મનિષા ત્રિપાઠી પાસેથી તેમણે સઘન તાલીમ મેળવી હતી તેમજ સ્વિમિંગ પુલના આસિ. કોચ રામભાઈએ તેમને તનતોડ મહેનત બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રી વિસનગરા નાગર ચેરીટેબલ ટ્રસ્ટના પરિવારનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો







ગાંધીનગર, તા.૨૫

શ્રી વિસનગરા નાગર ચેરીટેબલ ટ્રસ્ટના નવા નામાભિધાન સાથે પ્રથમ સ્નેહ મિલન કાર્યક્રમ રવિવારના રોજ યોજાયો હતો. જે સેકટર-૮ના રંગમંચ ખાતે યોજાયો હતો. આ સ્નેહમિલન કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને રુચિરભાઈ ભટ્ટ (પ્રમુખ, ભાજપા ગાંધીનગર મહાનગર) તથા અતિથિ વિશેષ તરીકે ખ્યાતનામ જયોતિષાચાર્ય-કથાકાર ડૉ. જલ્પેશભાઈ મહેતા, પ્રહરભાઈ અંજારીયા (ગાંધીનગર વડનગરા નાગર મંડળના પ્રમુખ), વંદનાબેન ભટ્ટ (પ્રશ્નોરા નાગર મંડળના મંત્રી) તથા કાબોરારી સહ નાગર મહાનુભાવોએ પધારી સ્નેહમિલનને શોભાયમાન બનાવ્યો હતો. આ સ્નેહમિલન કાર્યક્રમમાં નાગર સંસ્કૃતિને ધ્યાને રાખીને પ્રમુખ ડૉ. ભાવેશભાઈ મહેતા તથા સહ કાર્યકરો દ્વારા કવિ નરસિંહ મહેતાને સાદર વંદન કરી હાટકેશસ્તોત્રમના ગાન સાથે મંચસ્થ મહાનુભાવોના શુભ હસ્તે દિપ પ્રાગટય કરાવી શુભારંભ કર્યો હતો. કોરોનાકાળ દરમિયાન દિવંગત પરિવારજનોને તથા સ્વ. બિપીન રાવત સહિત રાષ્ટ્રના શહિદવીર જવાનોને શાંતિમંત્રના શ્રવણ સાથે મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી તથા વિદ્યાર્થી પારિતોષિક વિતરણ, વિશિષ્ઠ સિધ્ધી પ્રાપ્ત કર્તાઓનું સન્માન કરી તેઓને ભવિષ્ય માટે પ્રોત્સાહિત કર્યા હતા. ૫૦ વર્ષીય દાંપત્ય જીવન પૂર્ણ કરનાર દંપતિઓનું તથા ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનું બહુમાન કરી તેમના પ્રેરણાજન્ય આશીર્વાદ મેળવ્યા હતા. સર્વે આમંત્રિત નગરજનોએ શુધ્ધ દેશી ગુજરાતી-કાઠિયાવાડી ભોજનનો આનંદ માણ્યો હતો.

## સાદરામાં સ્વચ્છ સંકુલ સ્વચ્છ ભારત અંતર્ગત ઊભા ઝાડુ બનાવવાની તાલીમ અપાઈ



ગાંધીનગર, તા.૨૫

સંકુલ સાદરામાં સ્વચ્છ સંકુલ સ્વચ્છ ભારત માટે ઊભા ઝાડુ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. સંકુલ સાદરાના કુમાર છાત્રાલયના છાત્ર નિવાસીઓ સંકુલની સફાઈ માટે ઊભા ઝાડુ બનાવી રહ્યા છે તેમજ સફાઈ કાર્ય કરી સ્વચ્છ સંકુલ સ્વચ્છ ભારતનું ઉદાહરણ પુરું પાડી સમાજને પ્રેરણા આપી રહ્યા છે. સંયોજક રમેશભાઈ પટેલની પ્રેરણાથી ગૃહપતિ મોહનભાઈ પટેલ અને જયેશભાઈ રાવલના માર્ગદર્શન મુજબ આશ્રમવાસીઓને તાલીમ અપાઈ રહી છે.

## ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનું આજે સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૨૫

૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનું આજે સ્નેહમિલન યોજાશે. જેમાં તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ તથા ભીખુદાન ગઢવી (ગુજરાતી ફિલ્મ પાર્શ્વ ગાયક) દ્વારા રંગડાયરો યોજાશે. રંગડાયરો બપોરે ૧૨ થી ૩ સુધી તથા તેજસ્વી તારલાઓનો સન્માન બપોરે ૩.૧૫ થી ૬.૦૦ સુધીના કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં દિપ પ્રાગટય, પ્રાર્થના, દાતાઓનો પરિચય, સન્માન, પ્રાસંગિક પ્રવચન, ઈનામ વિતરણ વિગેરે કાર્યક્રમનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ માવતર પાર્ટી પ્લોટ, ઝિબ્રાટા ટાઈલ્સ સ્ટુડિયોની પાછળ, ચિલોડા-હિંમતનગર હાઈવે નં.-૮ એસ્સાર પેટ્રોલ પંપની પાછળ, મોટી શિહોલી, ગાંધીનગર ખાતે યોજાશે.

## સે-૫ ખોડિયાર મંદિરે સંઘનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર તા.૨૫

સેકટર-૫ ખોડિયાર મંદિર ખાતે આજે સવારે ૭ કલાકે તા.૨૫મી ડિસેમ્બરને શનિવારે યોગ પરિવાર અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - આરએસએસના સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં રાષ્ટ્રીય ભાવનાઓને ઉજાગર કરવા માટે તેમજ રાષ્ટ્રીયહિત અર્થે સેવાકીય પ્રવૃતિઓમાં જોડાઈ જનહિતની પ્રવૃતિઓ કાર્યક્રમો કરવા અને ધર્મ-સંસ્કૃતિ અંગે ભાવિ પેઢીને જાગૃત કરવા તેમજ સંગઠનનો વ્યાપ વધારવાના હેતુસર આરઆરએસના બૌદ્ધિક પ્રમુખ વિવેકભાઈ પટેલ દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં યોગ પરિવારના અગ્રણીઓ સુરેન્દ્રસિંહ વાઘેલા, પ્રો.નટુભાઈ પટેલ, આર.જી.દવે, જગદીશભાઈ પટેલ, બાબુભાઈ પ્રજાપતિ, મૂળસિંહ ચાવડા, કનુભાઈ ત્રિવેદી તેમજ સેકટર-૫ વસાહત મંડળના પ્રમુખ અને આરઆરએસના સંગઠનના અરવિંદભાઈ પટેલ તથા અન્ય સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમના સમાપને રાષ્ટ્રીય પ્રાર્થના કરી સંઘના બૌદ્ધિક પ્રમુખ વિવેકભાઈ પટેલનું યોગ પરિવાર દ્વારા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના તથા યોગ પરિવારના અગ્રણી રમેશભાઈ દવેના હસ્તે પુસ્તક તથા ફૂલછડી આપી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

## સે-૨૪ અંબાજી મંદિર ખાતે સુશાસન દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨૫

સેકટર-૨૪ અંબાજી મંદિર, હરસિધ્ધનગર ખાતે સવારે ૮ થી૧૦માં સ્વ. પૂર્વ પ્રધાનમંત્રી અને ભારતરત્ન સ્વ. અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ નિમિત્તે ગુડ ગવર્નન્સ ડે અંતર્ગત ૨૫થી ૩૧મી સુધી સુશાસન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે બીપી, ડાયાબિટીસ જેવા રોગના નિદાન કેમ્પના આયોજનમાં જરૂરિયાતમંદ દર્દીઓએ વિશેષ લાભ લીધો હતો. જેમાં ડૉ.વિશાલ ઠાકર અને ડૉ. જગદીશ પટેલે સેવા આપી હતી. વોર્ડ નં.૩ના નગરસેવકોએ પણ હાજરી આપી પ્રોત્સાહન પુરું પાડયું હતું.

## એ.વી.વી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ગ્રાન્ડ ક્રિસમસ સેલિબ્રેશન









ગાંધીનગર, તા.૨૫

એ.વી.વી. ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં ગ્રાન્ડ ક્રિસમસ સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. સ્કુલમાં ડાન્સ વિથ સાન્તાનો પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો સેકટર-૨૮, સેકટર-૨૩, પેથાપુર અને વાવોલ આ ચાર જગ્યાએ વિશાળ સ્ટેજ બનાવ્યા હતા અને બધા જ બાળકોએ સાન્તાકલોઝ સાથે મન ભરીને ડાન્સ કર્યો હતો. આ કાર્યક્રમમાં વાલીઓ તથા બાળકો સારી સંખ્યામાં જોડાયા હતા.





પ્રયાસ સંસ્થા દ્વારા શિયાળાની કડકડતી ઠંડીમાં ઠંડીથી રક્ષણ મળે તે માટે શહેરના અલગ અલગ સ્થળે જરૂરિયાતમંદોને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં સંસ્થાના સૌ સભ્યો હાજર રહ્યા હતા.

## મોહમંદ રફી સાહેબની જન્મજયંતિએ સ્વરાંજલી અર્પણ





ગાંધીનગર તા.૨૫

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી તા.૨૪મી ડિસેમ્બરે મહાન પાશ્વગાયક સ્વ. મોહમંદ રફી સાહેબની ૯૭-મી જન્મજયંતિ નિમિત્તે સ્વરાંજલી આપવા માટે શુક્રવારના રોજ સાંજે ૬ કલાકે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડીયો ખાતે સંગીત-સંધ્યા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેરના કલાકારોએ પ્રો.સિંગર રેશ્મા શેખ સાથે યુગલ-ગીતો ગાઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો, તેમજ બર્થડે-કેક કાપી અંતે વિજેતા ૧૧ સ્પર્ધકોને ટોફી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે જાણીતા ચરિત્ર અભિનેતા હસમુખ મેકવાન અને જગદીશ નાયક ઉપસ્થિત રહ્યાં હતા તેમજ બિજોય તિવારીએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

## જયોતિ મહિલા મંડળ દ્વારા નિઃશુલ્ક વાનગી સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૫

જયોતિ મહિલા મંડળ દ્વારા ૨૮મીના રોજ નિઃશુલ્ક વાનગી સ્પર્ધાનું આયોજન કરેલ છે. જે નિસર્ગ સાયન્સ સેન્ટર, સે-૨૩ ખાતે બપોરે ૧.૩૦ કલાકે તમામ બહેનો માટે નિઃશુલ્ક વાનગી સ્પર્ધાનું આયોજન કરેલ છે. લીલા શાકભાજીનો ઉપયોગ કરીને ફરસાણની એક વાનગી ઘરેથી બનાવી અને ડેકોરેટ કરીને મુકવાની રહેશે તેમજ તેની રેસીપી પણ એક કાગળમાં લખીને મુકવાની રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે મો. ૯૮૨૫૬૮૦૯૦૮ જયોતિબેન ઠક્કરનો સંપર્ક કરી નામ નોંધાવવાનું રહેશે. આ ઉપરાંત શરતચૂકથી એન્ટ્રી નોંધાવવાનું રહી જાય તો એન્ટ્રી સ્થળ પર નામ નોંધવામાં આવશે તેવું ડૉ. ચેતના અરૂણ બુચ દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સૌને આવવા માટે ભાવભર્યું આમંત્રણ પાઠવેલ છે.



એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ ૧-૨ની વિદ્યાર્થીની બહેનો તથા વર્ગ શિક્ષક મિત્રો સાથે મળી ક્રિસમસ ડેની ઉજવણી કરી હતી. સુપરવાઈઝર સંગીતાબેનના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષિકા બહેનો મંજુલાબેન, મિનાક્ષીબેન, મિત્તલબેન તથા દર્શિકાબેને પ્રોત્સાહન પુરું પાડયું હતું. શાળના આચાર્ય નીરૂબેન પટેલે તમામ વિદ્યાર્થીની બહેનોને શુભેચ્છા પાઠવી અભિનંદન આપ્યા હતા.

## રાધે રાધે પરિવાર દ્વારા આયોજિત '૧૦૧ દિકરીઓના વધામણાં'





દિકરી તો વ્હાલનો દરિયો કહેવાય છે અને એક દિકરી બે કુળને ઉજાળે છે. એટલે જ કદાચ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'દિકરી વધાવો, દિકરી ભણાવો' જેવા અભિયાન હાથ ધરીને કન્યા કેળવણી પર ખુબ ભાર મુકવામાં આવી રહ્યો છે. ગાંધીનગરમાં રાધે રાધે પરિવાર દ્વારા આજે ૧૦૧ દિકરીના વધામણાંનો અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વાવોલના વિઠ્ઠલ પાર્ટી પ્લોટ ખાતે યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં શહેરના મયેર હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, મનપાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશુભાઈ પટેલ સહિત અગ્રણીઓએ ઉપસ્થિત રહી જરૂરિયાતમંદ વર્ગની દિકરીઓના પગ પખાળીને તેમનું પૂજન કરી આરતી ઉતારી હતી તેમજ દિકરીઓને આશીર્વાદ આપ્યા હતા. કાર્યક્રમના સમાપને તમામ દિકરીઓને સ્કુલબેગ, રમકડાં, વોટરબેગ સહિતની ચીજવસ્તુઓની ભેટ આપવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. વિશ્વાસ સપનાબેન કાલીપદ, ઉ.વ. ૬૬, સેકટર-૨૪
- સ્વ. પરમાર ભીખાભાઈ કેશવલાલ, ઉ.વ. ૬૭, સેકટર-૩ એ ન્યુ
- સ્વ. રાજપુત શકુંતલાબેન વિજયસિંહ, ઉ.વ. ૬૩, સેકટર-૭
- સ્વ. ભરવાડ કંકુબેન લીબાભાઈ, ઉ.વ. ૮૫, કુડાસણ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. ભીમાણી વસંતભાઈ મનહરલાલ, ઉ.વ. ૭૦, અડાલજ
- સ્વ. પટેલ અમૃતભાઈ ભીખાભાઈ, ઉ.વ. ૫૬, સરગાસણ
- સ્વ. ભોજક સંદીપ ભોગીલાલ, ઉ.વ. ૪૮, રાણીપ, અમદાવાદ
- સ્વ. પટેલ બચીબહેન પ્રહલાદભાઈ, ઉ.વ. ૭૭, સરગાસણ